# <u>હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ</u>

નોંધ : **B.R.S. પ્રવેશના નિયમોનો અમલ જૂન ૨૦૧૭ થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ માટેના પ્રવેશથી થશે.**

**(1) પ્રવેશની લઘુત્તમ લાયકાત :**

**૧.** ધોરણ – ૧૨ પાસ અથવા કૃષિ ડિપ્લોમા અથવા પોલીટેકનીકસ / હોમ સાયન્સ હોવો જોઈએ.

૨. ધોરણ – ૧૦ પછીનો સરકાર માન્ય કૃષિ ડિપ્લોમા અથવા પોલીટેકનીકસ અથવા ડિપ્લોમા ગૃહવિજ્ઞાન પરીક્ષા પાસ કરેલ હોવો જોઈએ.

**(2) વિષય પ્રવેશ પાત્રતા :**

**૧.** વિનયન / વિજ્ઞાન / વાણિજય / ઉતર બુનિયાદી પ્રવાહ ધોરણ – ૧૨ પાસ થયેલ વિદ્યાર્થી પ્રવેશ પાત્ર ગણાશે.

૨. ધોરણ – ૧૨માં ઉતર બુનિયાદી પ્રવાહ ૨૦ ગુણ ઉમેરવામાં આવશે.

**(3) મેરીટગુણ** –

૧. **B.R.S.** અભ્યાસ પ્રવેશ મેળવેલ માટે જેમણે નિયત સમય મર્યાદામાં અરજી કરી હોય અને નિયમ અનુસાર પ્રવેશપાત્ર ધરાવતા હોય તેવા અરજદારના મેરીટ ગુણ નીચે મુજબ નકકી કરવામાં આવેશ.

1. એચ.એસ.સી.ના કુલ ગુણ
2. ધોરણ ૧૨માં ઉતર બુનિયાદી પ્રવાહના ૨૦ ગુણ ટ્રાયલમાં દરેક
3. ટ્રાયલમાં દરેક ટ્રાયલે ૧ ટકો માઈનસ ગણવો
4. ધોરણ – ૧૨માં સરખા ગુણવાળા કિસ્સામાં ધોરણ – ૧૦ના ગુણ ધ્યાને લેવામાં આવશે.

**(4) અનામત બેઠકો:**

***(A)*** મૂળ ગુજરાતના વતની હોય તેવા વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકારની પ્રવર્તમાન જોગવાઇ અનુસાર અનામત બેઠકો રાખવામાં આવી છે.

| | | |
|---|---|---|
| (1) | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ (SC) | 7% |
| (2) | અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ (ST) | 15% |
| (3) | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ (OBC) | 27% |

| | | |
|---|---|---|
| | (કોઇ પણ જાતિની  વિધવા અને અનાથ બાળકો પોતે વિદ્યાર્થી તરીકે અરજી કરે તો વધુમાં વધુ 2% લેખે ) | |
| (4) | માજી  / ચાલુ સંરક્ષણ દળના જવાનોના સંતાન  (Ex Service Man) | 1% |
| (5) | વિકલાંગ (દિવ્યાંગ)  જે તે કેટેગરીમાંથી  ભરવામાં આવશે. PC= ( Physically Challenged ) | 3 % |

*(1)* પ્રવેશ યાદીમાં એસ.સી, એસ.ટી, અને ઓ.બી.સી, કેટેગરીના અરજદારો જનરલ કેટેગરીમાં આવતા હશે તો તેમને જનરલ કેટેગરી તેમજ એસ.સી, એસ.ટી અને ઓ.બી.સી, કેટેગરી પૈકી જે પસંદગીની જગ્યા ઉપર પ્રવેશ મળતો હશે તે જગ્યા પર પ્રવેશ આપવામાં આવશે.તેમ થતા જનરલ કેટેગરી મુજબ મળતી સીટ પરનો અધિકાર રહેશે નહી

*(2)* **એસ.સી, કેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહેશે તે બેઠકો એસ.ટી, કેટેગરીના અરજદારો માંથી ભરવામાં આવશે. એસ.ટી, કેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહેશે તે બેઠકો એસ.સી, કેટેગરીના અરજદારો માંથી ભરવામાં આવશે.તેમ જતા**
**એસ.સી.અને એસ.ટી. કેટેગરીના અરજદારોના અભાવે બેઠકો ખાલી રહેતો તે બેઠકો જનરલ કેટેગરીથી ભરવામાં આવશે**

*(3)* અનામત બેઠકનો લાભ લેવા ઇચ્છતા અરજદારોએ સક્ષમ અધિકારીએ આપેલુ જાતિનું પ્રમાણપત્ર અરજીની સાથે જોડવાનું રહેશે. અન્યથા તેમને જનરલ બેઠક પર ગણવામાં આવશે .

*(4)* સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અરજદારોને સક્ષમ અધિકારીએ આપેલુ ઓ.બી.સી.નું પ્રમાણપત્ર તેમજ સમૃધ્ધ વર્ગ (Creamy Layer) માં સમાવેશ થતો નથી, તેવું દર્શાવતું સક્ષમ અધિકારીનું **તા.** 1-4-2017 કે તે પછી આપેલ (**અથવા પ્રમાણપત્રમાં દર્શાવેલ સમયમર્યાદા મુજબ તે માન્ય રહેશે**.) પ્રમાણપત્ર જોડવું. અન્યથા તેમને જનરલ બેઠક પર ગણવામાં આવશે.

*(5)* વિધવા અરજદારે તેમના પતિના મૃત્યુ અંગેનો દાખલો તથા તેમણે પુનઃ લગ્ન કરેલ નથી તેવું ફર્સ્ટકલાસ મેજીસ્ટ્રેટ સમક્ષનું તાજેતરનું સોગંદનામું રજુ કરવાનું રહેશે.

*(6)* અનાથ બાળકોએ સમાજ–કલ્યાણ અધિકારી પાસેથી અનાથ અંગેનું તાજેતરનું (લેટેસ્ટ) પ્રમાણપત્ર અરજી સાથે રજૂ કરવાનું રહેશે.

**(5) <u>વિકલાંગો માટે અનામત</u> :**

(1) વિકલાંગ ઉમેદવારો માટે જે તે કેટેગરીમાંથી 3% બેઠકો અનામત રાખવામાં આવશે. આ 3% બેઠકો બિનઅનામત, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી જે તે કેટેગરીમાં સમાવી લેવામાં આવશે.

(2) વિકલાંગ ઉમેદવારોએ સિવિલ સર્જન અને સિવિલ સર્જન ન હોય તો રેશીડેન્શીયલ મેડીકલ ઓફીસરની કાઉન્ટર સહી કરેલ 40% થી ઉપરનાં ટકાનું વિકલાંગ અંગેનું પ્રમાણપત્ર મેળવી અરજી સાથે રજૂ કરવાનું રહેશે.

(3) વિકલાંગ કેટેગરીમાં 1% અંધ અને અલ્પ દૃષ્ટિએ અરજદારોનો સમાવેશ કરવામાં આવતો નથી માટે તેમણે તેમની અરજી ઉપર અંધ / અલ્પદ્રષ્ટિ અરજદાર એમ લખવું તેમણે 1995 નાં ડીસએબીલીટી એકટના ચેપ્ટર 1 ની કલમ 2 (B) મુજબ સીવીલ સર્જન પાસેથી અંધ / અલ્પદૃષ્ટિ અંગેનું પ્રમાણપત્ર અરજીની સાથે જોડવાનું રહેશે.

**(6) <u>ચાલુ / માજી સંરક્ષણ દળના જવાનોના સંતાનો માટે અનામત</u> :**

કેન્દ્ર સરકારના લશ્કરી અને અર્ધલશ્કરી દળોના ચાલુ તેમજ માજી સૈનિકો તેમજ ગુજરાત રાજ્યના આવા પ્રકારના દળોના જવાનોના સંતાનો માટે પ્રવેશના હેતુસર 1% બેઠકો અનામત રાખવાની રહેશે માટે આવા અરજદારોએ ચાલુ / માજી સંરક્ષણ દળના જવાનોના સંતાન છે તે મતલબનું માજી સૈનિક જિલ્લા વેલ્ફેર બોર્ડનુંસક્ષમ અધિકારીએ આપેલું તાજેતર (લેટેસ્ટ) નું પ્રમાણપત્ર અરજીની સાથે અવશ્ય જોડવાનું રહેશે. અન્યથા તેમને જનરલ કેટેગરીમાં ગણવામાં આવશે.

**(7) <u>ફી અંગે:</u>**

ગુજરાત સરકાર અને યુનિ. જે ફી નકકી કરશે તે ફી વિદ્યાર્થીએ ભરવાની રહેશે. ત્યાર બાદ સત્ર ફી પ્રવેશ મળ્યા સમયે ૧૫૦૦/– રૂપિયાની ભરવાની રહેશે.જે નોન રીફંડેબલ રહેશે.

**(8) <u>ફી પરત અંગે:</u>**

યુનિ. ના નિયમો અનુસાર ફી પરત કરવામાં આવશે.

નોંધ : સદર પ્રવેશનાં નિયમોમાં અર્થઘટન અને ફેરફાર અંગે કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે.